## હરિ નજર - ખરી નજર




હં ! કલર અને બ્રશ ? ખબરદાર જો કાર્ટૂન દોરવા પ્રયાસ કર્યો છે તો ! દેશદ્રોહના ગુન્હામાં અંદર કરી દઈશ !

## આર.જી. પટેલ કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની સેકટર-૨૩માં આવેલી આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ શાળાકીય રમતોત્સવમાં વિવિધ વિભાગમાં રાજય અને જિલ્લા કક્ષાએ દ્વિતીય અને તૃતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત સ્ટેટ એસોસિએશન દ્વારા રાજયકક્ષાની સ્વીમીંગ સ્પર્ધા તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં શાળાની ઉષા પટેલે ૫૦ મી. બેકસ્ટોક, ૪x૧૦૦ મી. ફ્રિ સ્ટાઈલ રીલે અને ૪x૧૦૦ મી. મીડલે રીલે સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવ્યો હતો તથા રાઠોડ પ્રિતીએ ૪x૧૦૦ મી. ફ્રી સ્ટાઈલ રીલે સ્પર્ધામાં રાજય કક્ષાએ ત્રીજો નંબર મેળવ્યો હતો. જિલ્લા કક્ષાની સિનિયર જુનિયર એથ્લેટિકસ સ્પર્ધા તાજેતરમાં સાદરા ખાતે યોજાઈ હતી. જેમાં ગોળાફેંક સ્પર્ધામાં ક્રિષ્ના નાયકે દ્વિતીય નંબર અને ક્રિશ્ના પટેલે જુનિયર વિભાગમાં દ્વિતીય નંબર મેળવ્યો હતો. જિલ્લા કક્ષાની અંડર-૧૯ વોલીબોલ સ્પર્ધામાં પણ શાળાની ટીમ ત્રીજા નંબરે આવી હતી તથા જિલ્લા કક્ષાની અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધા મહુડી ખાતે યોજાઈ હતી. જેમાં શાળાની સાત વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો.

શાળાની વિદ્યાર્થિનીઓને ઉર્વશીબેન જોષીએ જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળાના આચાર્યાએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## એસ. જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલનું ગૌરવ વધારતો વિદ્યાર્થી

### આશુતોષ રાજ્ય કક્ષાની ક્રિકેટ ટીમમાં પસંદગી પામ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના ધોરણ ૮માં અભ્યાસ કરતા આશુતોષ ઉમાકાંત શુકલાએ તાજેતરમાં રાજ્યકક્ષાની ક્રિકેટ ટીમમાં પસંદગી પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના ધોરણ-૮માં અભ્યાસ કરતા આશુતોષ શુકલાએ તાજેતરમાં ગાંધીનગર જિલ્લા કક્ષાની ટીમમાં ઓનલાઈન ફોર્મ ભરી ઓલ રાઉન્ડર પ્લેયર તરીકે નિયુક્તિ મેળવી હતી. બરોડા અને અમદાવાદ સામેની ટીમોમાં સુંદર પ્રદર્શન કરવા બદલ આયોજકોએ આશુતોષને રાજ્ય કક્ષાની ટીમ માટે પસંદ કર્યો છે.

શાળાના આચાર્યા અંજલિબેન ટેકવાનીએ વિદ્યાર્થીને તેની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

## શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે શિક્ષક દિનની અનોખી ઉજવણી થઈ



ચિલોડા, તા. ૧૨

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે ઓરાણ હાઈસ્કૂલમાં શાળાના વિદ્યાર્થી દ્વારા શિક્ષકની ભુમિકા અદા કરી શૈક્ષણિક કાર્ય કર્યુ હતુ. જેમાં ૩૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્ય તરીકે ચૌહાણ વિજયસિંહે ઉત્તમ કામગીરી સંભાળી હતી. સૌ પ્રથમ શાળામાં શિસ્તબદ્ધ રીતે ગુરુ-શિષ્યનો મહિમાને ગૌરવ અપાવવા શિક્ષકોને ગુરૂવંદના કરી હતી. શ્રેષ્ઠ શિક્ષક તરીકે ઉ.મા. વિભાગમાં અનુક્રમે શ્રદ્ધાબેન પટેલ, સૈયદ હજરૂદીન, ચૌધરી નિકીતાબેન તથા મા.વિ.માં ઝાલા ગીતાબા, પરમાર આકાશકુમાર, રાઠોડ હીનાબા વિજેતા બન્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓમાં ક્લાર્ક તથા સેવક તરીકે સુંદર કામગીરી બજાવી હતી. શૈક્ષણિક કાર્ય બાદ સભામાં વિદ્યાર્થીઓએ સુંદર પ્રતિભાવો વ્યક્ત કરતા જણાવ્યું હતું. શૈક્ષણિક કાર્ય સંચાલન કરવાનો ઉત્તમ અનુભવની તક મળતાં આનંદની લાગણી વ્યક્ત કરી હતી. શાળાના આચાર્ય શ્રી કે.એન. રાઠોડે સ્વયં શિક્ષક દિનમાં જોડાયેલ સર્વને શુભેચ્છા સહિત સફળતા હાંસલ કરતાં અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શિક્ષકે પ્રોત્સાહન રૂપે પેન ભેટ આપી સન્માન કર્યુંહતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એમ.કે. પટેલે તથા નિર્ણાયક તરીકે નટુભાઈ પટેલ, એસ.આર. સોની, પી.એચ. પરમાર તથા શ્રીમતી એન.એન. પટેલે નિરીક્ષણ તથા મુલ્યાંકન કર્યું હતું.

## ગાંધીનગર મેડિકલ કોલેજના છાત્રોનું અભિવાદન કરાયું

ગાંધીનગર, તા.૧૨

નેશનલ મેડિકલ ઑગેનાઈજેશન ગાંધીનગર દ્વારા મેડીકલ કોલેજ ગાંધીનગરની પ્રથમ બેચના વિદ્યાર્થીઓ માટે નૂતન છાત્ર અભિવાદન યોજાયો હતો. કુમકુમ તિલક અને ગુલાબ આપીને સ્વાત કરાયુંહતું. ૧૮૯૩ની ૧૧ સપ્ટેમ્બરે સ્વામી વિવેદાનંદ શિકાગો ખાતેની વિશ્વ ધર્મ પરિષદમાં ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મનો આધ્યાત્મિક વિજય કરેલી તેની યાદમાં વકૃતત્વ સ્પર્ધા યોજી હતી. જેમાં ૧૫ વિદ્યાર્થીઓએ વિવેકાનંદને લગતા વિષયો પર વિચારો રજૂ કર્યા હતા. વિજેતાઓને પુસ્તકો આપવામાં આવ્યા હતા. સૌ સ્પર્ધકોને સ્વામીવિવેકાનંદનો ફોટો આપવામાં આવ્યો હતો.

મેડીકલ કોલેજના સીઈઓ ડૉ. જતીનબુચ, પૂર્વડીન ડૉ. વાસુદેવ રાવલ, પ્રમુખ પ્રદીપભાઈ ભાવસાર હાજર રહ્યા હતા. ડૉ, અમૃતભાી પ્રજાપતિએ સંચાલન કર્યું હતું.

## સેન્ટ પૉલ્સ સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના શૈક્ષણિક પ્રવાસે આવેલા સેન્ટ પૉલ્સ સિનિયર સેકન્ડરી સ્કૂલ, પાલી, રાજસ્થાનના વિદ્યાર્થીઓએ આજે રાજભવનમાં ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રીને સ્કૂલના આચાર્ય ફાધર જોસે શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓની રૂપરેખા તથા તેમના ગુજરાતના પ્રવાસની વિગતો આપી હતી. રાજ્યપાલશ્રીએ તેમના રાજ્ય બહારના શૈક્ષણિક પ્રવાસોના આયોજનને બિરદાવી જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને આવા પ્રવાસો થકી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે અને તેઓ અન્ય પ્રદેશ પ્રત્યેથી જાણકારી મેળવે છે.

## ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલમાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૨

કલોલ તાલુકાના મુબારકપુરે આવેલી ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિન નિમિત્તે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષક દિન નિમિત્તે શિક્ષક, આચાર્ય, ક્લાર્ક અને સેવકની ભૂમિકામાં વિશિષ્ટ કામગીરી કરી હતી. આચાર્યા તરીકે અવની પ્રજાપતિ તથા શિક્ષકો તરીકે હીનલ પટેલ, કેનવી, મેઘના વાઘેલા, નિધિ પટેલ, નીરવ જોષી, હર્ષ પટેલ, ધવલ પટેલ, જયેશ લખવાર, મયૂર પટેલ, ક્રિસ્ટન પ્રજાપતિ અને ભવ્ય પટેલે ફરજ બજાવી હતી. કેનિલ મોદીએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પ્રથમ નંબર તથા હર્ષ પટેલે દ્વિતીય, નીરવ જોષી અને ક્રિસ્ટન પ્રજાપતિએ તૃતીય ક્રમે રહ્યા હતા. શાળાના વડા જી.ડી. પટેલે અભિંનંદન પાઠવ્યા હતા.

## માઉન્ટ કાર્મેલ શાળામાં 'બેટી બચાવો' અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ




ગાંધીનગર, તા. ૧૨

શનિવાર તા. ૮મી સપ્ટેમ્બરે માઉન્ટ કાર્મેલ શાળામાં બેટી બચાવો અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાવ્યું હતું. જેમાં બાળકોએ સર્જનાત્મક સુત્રો સર્જનાત્મક ચાર્ટસ તેમજ પોસ્ટરો તૈયાર કરવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી. વળી શાળાના સોસિયલ સર્વિસ ક્લબના બાળકોએ સાથે મળીને 'બેટી બચાવો' ભૃણ હત્યા અટકાવો તથા દીકરી ઘરની લક્ષ્મી શીર્ષક હેઠળ બે સુંદર નાટકો શાળામાં રજૂ કર્યા હતા. પ્લેકાર્ડ તેમજ પોસ્ટરો અને બેનર્સ સાથે સેક્ટર-૨૧ માં રેલી કાઢી સમાજમાં સજીતા લાવવા માટે શાકમાર્કેટમાં નાટક પણ કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ શાળાના પ્રિન્સિપાલ સિસ્ટર રેણૂકાના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ સિસ્ટર જસ્વીન, કુસુમ ટીચર, સુષમા ટીચર, હેમાંગીની ટીચર તેમજ હર્ષદા ટીચરના સહકારથી સફળતાપૂર્વક સંયોજન થયો હતો.

ઉપરાંત શાળા હંમેશા જરૂરતમંદોને મદદ કરવામાં અગ્રેસર હોઈ મહેમદાવાદની સેંટ ઝેવિયર્સના ધો. ૬માં ભણતા ખેડૂતના દીકરા મીત પરમારના પગના ઓપરેશનના ચાર લાખના ખર્ચમાં ફૂલ નહી તો ફૂલની પાંખડી રૂપે યોગદાન આપવા માટે સ્કાઉટ ગાઈડ તેમજ સોસિયલ સર્વિસના બાળકોએ વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ પાસેથી ફંડ એકત્રિત કરી પુણ્ય કાર્યમાં સહભાગી બન્યા હતા. ઘણા શુભેચ્છકોએ ઉદાર હાથે દાન કરી માનવતાના આ સત્કાર્યમાં સહભાગી બની પોતાનો ફાળો નોંધાવ્યો હતો. માઉન્ટ કાર્મેલ શાળાના આ અભિયાનમાં જોડાયેલા સૌનો શાળાના પ્રિન્સિપાલે આભાર માન્યો હતો.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ ઓઝોન દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું ૧૬મીએ આયોજન

ગાંધીનગર, તા.૧૨

એકવીસમી સદીની વૈશ્વિક સમસ્યાઓમાં ઓઝોન પડ પાતળું થવું અને તેમાં ગાબડા પડવા એ એક મોટી સમસ્યા છે. એરકન્ડીશન મશીન, રેફ્રીજરેટર તથા કેટલાક પદાર્થોની બનાવટમાં ક્લોરો ફ્લોરો કાર્બન જેવા ઓ.ડી.એસ. પદાર્થો વપરાય છે. આ પદાર્થો વાતાવરણમાં જઈને ઓઝોનના પડને નુકશાન કરે છે. જે અંગેની જાગૃતિ કેળવાય તે માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૧૬મી સપ્ટેમ્બરે વિશ્વ ઓઝોન દિન નિમિત્તે વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે જન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે વિશ્વ ઓઝોન દિન નિમિત્તે વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો યોજાય છે. આ વર્ષે 'આપણી પૃથ્વીનાં વાતાવરણને ભાવી પેઢી માટે સુરક્ષિત રાખીએ..' વિષય પર કાર્યક્રમો યોજાશે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટરનાં સંયુક્ત ઉપક્રમે સાયન્સ ક્લબનાં વિદ્યાર્થીઓ, વાલીઓ માટે જનજાગૃતિના કાર્યક્રમો ૧૬મી સપ્ટેમ્બરે યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જી.પી.સી.બી.ના પ્રાદેશિક અધિકારી સી.એ. શાહ, પર્યાવરણ ઈજનેર યુ.કે. ઉપાધ્યાય, પૂર્વ પી.આર.ઓ. નરેશ ઠાકર, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. અનિલભાઈ દ્વારા પૃથ્વીની માવજતમાં આપણી ભૂમિકા વિષય પર વક્તવ્ય આપવામાં આવશે. નરેશ ઠાકર દ્વારા ઓઝોન વાયુ કવચની જાળવણી કરીએ, પર્યાવરણને અનુરૂપ દેવી દેવતાઓની મૂર્તિઓનું વિસર્જન કરીએ આ વિષય પર પોતાનાં વિચારો રજૂ કરશે. સાયન્સ ક્લબનાં વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરની જુદી જુદી શાળાનાં વિદ્યાર્થીઓ ભાગ લેશે. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો પણ આપવામાં આવશે.


### પંચામૃત વકૃતત્વ-નિબંધ સ્પર્ધામાં કોબા હાઈસ્કૂલ વિજેતા

ગાંધીનગર, તા.૧૨

પંચામૃત યોજના અંતર્ગત પંચશક્તિ વિશે ગાંધીનગર જિલ્લાની વકૃતત્વ નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જી.ડી.એમ. કોબાવાળા હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ વકૃતત્વ સ્પર્ધામાં કુમાર વિભાગમાં પટેલ રાહુલ તૃતીય સ્થાન જ્યારે કન્યાવિભાગમાંસુથાર વિધી દ્વિતીય સ્થાન મેળવેલ છે. નિબંધ સ્પર્ધામાં સુથાર ભૌમિકે દ્વિતીય નંબરે આવીને શાળાનું ગૌરવ વધારેલ છે. આચાર્ય વી.એમ. પટેલે અભિનંદન પાઠવ્યા છે.

## ટાઈમ્સની ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ઝેવિયર્સની ટીમ ત્રીજા સ્થાને વિજયી







ગાંધીનગર, તા. ૧૨

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલે હાલમાં કર્ણાવતી કલબ ખાતે યોજાયેલ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ત્રીજા નંબરનું સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની કુલ ૩૨ ટીમો હતી. તેમાં ગાંધીનગરની પ્રથમ મેચ પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ સામે ૧૨-૦થી જીત મેળવી. બીજી મેચમાં ડિવાઈન ચાઈલ્ડ સામે ૩-૦ થી જીત મેળવી હતી. ત્યારબાદ નવરચના સામે પેનલ્ટીમાં ૯-૮ થી વિજય મેળવ્યો હતો. સેમિફાઈનલમાં ઝેવિયર્સના ગોલકિપર હર્ષ બારોટને ગંભીર ઈજા થઈ હોવાથી ઝેવિયર્સ ભવન્સ સ્કૂલ સામે પેનલ્ટીમાં ૧૬-૧૫ થી હારી ગઈ હતી. પરંતુ ત્રીજા સ્થાનના ક્રમ માટેની મેચમાં હર્ષ બારોટની સફળ કિપિંગના કારણે ઝેવિયર્સ જીતી ગયું હતું. ઝેવિયર્સે પાંચ મેચમાં કુલ ૪૬ ગોલ માર્યા હતા. આમાં ક્રિષ્ણપાલસિંહ ઝાલાએ ૧૦ ગોલ માર્યા હતા. કિરણ સર અને જતીન સરની સફળ કોચિંગ માટે ઝેવિયર્સના ખેલાડીઓએ તેમનો આભાર માન્યો હતો. હર્ષ બારોટ, નીલ પટેલ, ક્રિષ્ણપાલ, સદફ પઠાણ, હર્ષરાજ, રાજ તથા નીરવના સફળ પ્રદર્શન માટે લોકોએ તેમને વધાવ્યા હતા.

આ ટૂર્નામેન્ટમાં ઝેવિયર્સ ટીમના ક્રિષ્ણપાલસિંહ ઝાલાએ ૧૦ ગોલ નોંધાવી એક કુશળ ખેલાડીની છાપ ઉભી કરી છે તો આ ટૂર્નામેન્ટમાં જ ગંભીર ઈજા પછી નિર્ણાયક મેચમાં આબેહૂબ ગોલ કિપીંગ કરી હર્ષ બારોટે ટીમને ત્રીજુ સ્થાન મેળવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.


હર્ષ બારોટને થયેલ ઈજા પછી પણ તેણે મક્કમ મનોબળથી ટૂર્નામેન્ટની નિર્ણાયક મેચમાં કરેલા દેખાવને લી સ્કૂલના પ્રિન્સિપાલ સહિત સૌએ તેને ખાસ અભિનંદન આપ્યા હતા.

આ બન્ને ખેલાડીઓએ પાંચમાંથી ચાર મેચમાં પ્લેયર ઓફ ધી મેચનો ખિતાબ પણ મેળવ્યો હતો.

## કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

## વૉઈસ ઑફ રફી પ્રેમ રાજપૂત



૧૯૬૭માં અમદાવાદ ખાતે યોજાયેલ જાણીતી ચિત્રલોક સિને સર્કલ ફિલ્મી ગીત સ્પર્ધામાં એક યુવાન ગાયક ફિલ્મ લવ ઈન ટોકિયોનું મોહંમદ રફીજીનું ગાયેલું જાણીતું ગીત 'ઓ મેરે શાહે ખુબાં, ઓ મેરી જાને જાના...' રજૂ કરે છે. ઉપસ્થિત પ્રેક્ષકો અને નિર્ણાયકશ્રીઓ સાંભળીને ઝૂમી ઊઠે છે. અને આ સ્પર્ધામાં પ્રથમ આવનાર આ યુવાનને શમ્મી કપૂર અભિનીત અને ૧૯૬૨માં રજૂ થયેલ ફિલ્મ 'પ્રૉફસર'ની હિરોઈન કલ્પનાના હસ્તે નવાજવામાં આવે છે. આ યુવાન એટલે ૧૯૭૦ના સ્થાપના કાળથી જ ગાંધીનગર આવીને વસેલા શ્રી પ્રેમ રાજપૂત.

૧૯૪૩માં અમદાવાદમાં જન્મેલા પ્રેમભાઈનું વતન નસીરાબાદ, રાજસ્થાન. તેમનો શાળાભ્યાસ આર સી હાઈસ્કૂલ, અમદાવાદમાં. શાળામાં દરરોજ પ્રેમભાઈની મંગલ પ્રાર્થનાથી જ અધ્યાપન કાર્ય શરૂ થાય. ધોરણ-પથી ૧૧ સુધી એટલે કે સતત સાત વર્ષ સુધી આ ધારા નિરંતર વહેતી રહી જેનો શાળા પરિવાર અને પ્રેમભાઈને ગર્વ છે. કૉલેજ અભ્યાસ નવગુજરાત કૉલેજમાં. સતત ચાર વર્ષ કૉલેજની ટૅલેન્ટ ઈવનીંગમાં ભજન, સુગમ સંગીત, ફિલ્મી સંગીત વિ.માં ભાગ લઈને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળા-કૉલેજની સંગીત પ્રવૃત્તિઓ સાથે સાથે ગુજરાતના જાણીતા ઑરકેસ્ટ્રામાં પણ ધીમે ધીમે સોલો ગીત મળવા લાગ્યા. મહાન પાર્શ્વગાયક રફીની ગાયકીની છાંટ ધરાવતા પ્રેમભાઈ ચિત્રલોક સિને સર્કલ ફિલ્મી ગીત સ્પર્ધામાં પ્રથમ આવીને લોકપ્રિય બની ગયા હતા.

પ્રેમભાઈના પિતાજી પ્રસિદ્ધ ભજનીક હતા. જ્યારે મોટાભાઈ શ્રી મનહર રાજ ખૂબ જાણીતા ગાયક. ગુજરાતના એ સમયના જાણીતા ગાયક. ગુજરાતના એ સમયના જાણીતા ગૃપો અંબરિષ પરિખ ગૃપ, જોન માઈકલ એન્ડ પાર્ટી, પેટ્રીક માર્કસ વિ. ગૃપોમાં મનહર રાજ મેઈન ગાયક તરીકે રફીસાહેબનાં ગીતો ગાય. આવો ભરપૂર કલાવારસો મેળવેલા પ્રેમભાઈને નાનપણથી જ સંગીત પ્રત્યે અદ્ભૂત લગાવ અને સંગીતની સૂઝ પણ ખરી. મોટાભાઈ સાથે દસ-બાર વર્ષની ઉંમરથી જ દરેક ઑરકેસ્ટ્રાના કોરસમાં ગાવાનું શરૂ કરીને જે સફર શરૂ કરી તેમાં ઉપર જણાવ્યા મુજબ ચિત્રલોક સિને સર્કલ સ્પર્ધામાં વિજયી થઈને સિદ્ધિનું શિખર સર કર્યું.

૧૯૬૫માં પ્રેમભાઈને સરકારી નોકરી મળતાં અમદાવાદ સચિવાલયમાં જોડાયા. ૧૯૭૦માં પ્રેમભાઈ લગ્ન કરી જીવન સંગિની સાવિત્રીબેનને લઈને ગાંધીનગર આવી વસ્યા અને સૅક્ટર-૨ ઉના ઘરમાં નવજીવનની શરૂઆત કરી. સૅક્ટર-૨ ઉમાં સંગીતપ્રેમી મિત્રો ધીમે ધીમે પરિચયમાં આવતા ગયા અને સંગીતની નાની નાની બેઠકોનો સિલસિલો શરૂ થયો. સૅક્ટર-૨ ઉમાં જ વસતા પ્રેમભાઈના મિત્રો - કિશોર ખોપકર, ગિરીશ પટવર્ધન, મહેન્દ્ર વૉરા, ધૈર્યસિંહ મોહિતે વિ. અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેતા. આ બધા સાથે ગાંધીનગરમાં પણ જન્માષ્ટમી વિ. તહેવારો દરમ્યાન મોહિતેભાઈને ઘેર બેગા થઈને ગઝલો, ભજનો, ફિલ્મી ગીતો વિ.ની મહેફિલ જમાવતા અને સૂના ગાંધીનગરમાં આનંદ મેળવતા. ધીમે ધીમે પરિચય ગાઢ થતો ગયો અને મહારાષ્ટ્ર સમાજના સંગીતપ્રેમી મિત્રોએ ગણેશ મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. અને યંગ સીંગર્સ ઑફ ગાંધીનગર ગૃપની સ્થાપના કરી અને પહેલા જ વર્ષે જોરદાર કાર્યક્રમ આપી ચાહના અને વાહ-વાહ મેળવી. ત્યારથી સતત ૧૫ વર્ષ સુધી સૅક્ટર-૨૨ના રંગમંચ પર ગણેશ મહોત્સવ દરમ્યાન સફળતાપૂર્વક કાર્યક્રમો રજૂ કરી પ્રેમભાઈએ ગાંધીનગરમાં વૉઈસ ઑફ રફીનું બિરૂદ મેળવી લીધું. આ કાર્યક્રમોમાં સુજ્ઞાબેન-નીલાબેન ધોળકિયા, પ્રિમરોઝબેન, સુમનબેન, મનુ ચાવડા વિ. પોતાના સુરીલા કંઠથી સાથ આપતા. પ્રેમભાઈએ આ દરેક કાર્યક્રમમાં મુખ્ય ગાયક અને સફળ સંચાલક તરીકે વર્ષો સુધી સેવા આપી છે. આમ ૧૯૭૦ના દાયકામાં ગાંધીનગરનું સંગીત વાતાવરણ સર્જવામાં પ્રેમભાઈનો મહામુલો ફાળો છે.

પ્રેમભાઈ પોતાના પુત્ર સંજયના જન્મદિન પ્રસંગે દર વર્ષે મોટા પાયા પર કાર્યક્રમનું આયોજન કરતા. જેમાં ભાઈ મનહર રાજ અને ઑરકેસ્ટ્રા અમદાવાદથી આવે અને ગાંધીનગરના બધા જ સંગીતપ્રેમી મિત્રો - નવીનભાઈ ધોળકિયા, રમણભાઈ પુરોહિત, મુનીકુમાર દેસાઈ, બોરા બ્રધર્સ, હારિતભાઈ દવે, ઉદયભાઈ-પ્રફુલ્લા શુક્લ, જિતેન્દ્ર વ્યાસ વિ. કાર્યક્રમમાં ભાગ લેતા અને આ બેઠકો ઘણીવાર તો સવાર સુધી ચાલતી !

વૉઈસ ઑફ રફી પ્રેમભાઈને દરેક કાર્યક્રમમાં ફરમાઈશ મળે... સુહાની રાત ઢલ ચૂકી, ના જાને તુમ કબ... આ ગીત પરની એમની એવી જબરી પકડ કે વન્સ મોર, દોબારા...ના નાદ ગૂંજ્યા કરતા.

એ જ અરસામાં ગાંધીનગરમાં શ્રી આર સી જોષી, શ્રી રાજેન્દ્ર ભટ્ટ, જિતેન્દ્ર વ્યાસ, પ્રેમભાઈ વિ. મિત્રોએ સાથે મળીને શિવરંજની સંસ્થાની સ્થાપના કરી. સૅક્ટર-૨૦ની એ સમયની ઝેવિયર્સ સ્કૂલમાં સંસ્થાનો પ્રથમ કાર્યક્રમ રજૂ થયો હતો, જેમાં પ્રેમભાઈએ પણ પોતાનો સુરીલો કંઠ આપ્યોહતો. ગાંધીનગરના એ સમયના ઘણા નવોદિત કલાકારો જેવા કે બિરેન પુરોહિત, જોન પીટર, ધર્મેન્દ્ર તપોધન, અતુલ જોષી વિ.એ પ્રેમભાઈનું સંગીત ક્ષેત્રે માર્ગદર્શન મેળવેલ છે. પ્રેમભાઈ માને છે કે સંગીતની સમજ હોવી ખૂબ જરૂરી છે.

સચિવાલયમાં નવરાત્રિ પર ગરબા શરૂ કરાવવાનું શ્રેય પણ પ્રેમભાઈને જાય છે. નર્મદા જળ સંપત્તિ વિભાગમાં ૧૯૯૨-૯૩માં બહેનોએ આવીને પ્રેમભાઈને કહ્યું કે તમે ગાયન, વાદન સંભાળશો? અમારે ગરબા કરવા છે. આમ આ વિભાગમાં પ્રેમભાઈએ શરૂ કરાવેલ ગરબા આજે પણ દરેક વિભાગમાં ઉજવાય છે.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતી આયોજિત ફિલ્મી ગાન સ્પર્ધામાં જીઈબી, એલઆઈસી તથા વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાતી સંગીત સ્પર્ધાઓમાં પ્રેમભાઈ વર્ષોથી નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે. બ્રહ્માકુમારી સૅન્ટરમાં પણ પ્રેમભાઈ અને તેમનું ગૃપ દર વર્ષે કાર્યક્રમ આપે છે.

૭૦થી ૯૦ના સમયગાળાને ગોલ્ડન પિરીયડ ગણાવતા પ્રેમભાઈ અનેક સંભારણા, મિત્રો, બેઠકો વિ.નો યાદ કરતા જણાવે છે કે રફીસાહેબનાં ગીતો ગાવાનો એક નશો છે. 'કહે દો કોઈ ના કરે યહાં પ્યાર...મૈં અપને આપ સે ગભરા ગયા હું... ઓ દૂર કે મુસાફિર...' તેમની મનપસંદ રચનાઓ છે. દાયકાઓ સુધી પ્રેમભાઈએ મધુર કંઠથી ખૂબ ગાયું છે અને આજે પણ રિયાઝ તો ચાલુ જ છે. મિત્ર વર્તુળમાં, કુટુંબમાં નાની નાની બેઠકો યોજાય છે અને દર શનિવારે મિત્રો સાથે મળીને સંગીતને જીવંત રાખે છે.

પ્રેમભાઈ સાથે વાત કરતાં આજે જાણ્યું કે તેમને તાવ છે અને ગળું ખરાબ છે. એટલામાં જ અતુલ જોષી આવે છે અને રફીજીના ગીત માટે માર્ગદર્શન માગે છે. પ્રેમભાઈના પુત્ર સંજય ઓરગન પર સંગત કરે છે અને 'મેરા તો જો ભી કદમ હૈ વો તેરી રાહમેં હૈ...' આ ગીત અતુલભાઈ સાથે પ્રેમભાઈ ક્યારે ગાવા લાગ્યા તેનું તાવને, ગળાને કે અમને ખ્યાલ જ ન રહ્યો. સંગીતની તાકાત ખરેખર ગજબ છે !

પ્રેમભાઈની ગાયકી, માર્ગદર્શન અનેઅનુભવનો લાભ નવી પેઢીને મળતો જ રહે તેવી શુભેચ્છાઓ અને ૧૫ સપ્ટેમ્બર - પ્રેમભાઈના જન્મદિનની અનેક શુભકામનાઓ... તુમ જીયો હઝારોં સાલ, સાલ કે દિન હો પચાસ હઝાર...